## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



શું જમાનો આવ્યો છે...આખી નવરાત્રી ગઈ પરંતુ એક પુરૂષ એવો ન મળ્યો કે... હું તેની વિરૂધ્ધ મી-ટૂનો દાવો કરી શકું...!!

# શહેરમાં શેરી ગરબા સ્પર્ધામાં નવા સેકટરોનો દબદબો

**સે-૭ પોલીસ ચોક, સે-૨૩ તેજસ સોસાયટી અને સે-૩ સી કલ્ચરલ સ્કવેર વિજેતા સ્થાને : કલ્ચરલ સ્કવેરમાં નવદુર્ગાના સ્વાંગમાં સજ્જ બાળાઓને વિશિષ્ટ ઇનામ એનાયત કરાયુ**

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરમાં છેલ્લા સાડા ચાર દાયકાથી યોજાતી શેરી ગરબા સ્પર્ધા દરમિયાન આ વર્ષે શેરી ગરબા સ્પર્ધામાં સે-૩, સે-૨૩ અને સે-૭ વિજેતા ક્રમે જાહેર કરાયા છે. શેરી ગરબાના અદભુત આયોજન સંદર્ભે આ ત્રણેય સેકટરોમાં ગરબા આયોજકોને જયોતિ મહીલા મંડળ તેમજ વિવેક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઈનામ એનાયત કરી નવાજવામાં આવ્યા છે. જયારે સે-૩ સી કલ્ચરલ સ્કવેરમાં દુર્ગા સ્વરૂપ ચાર બાળાઓને વિશિષ્ટ ઈનામ પણ એનાયત કરવામાં આવ્યુ છે.

ગાંધીનગરમાં છેલ્લા સાડા ચાર દાયકાથી શેરી ગરબા સ્પર્ધાનુ આયોજન કરવામાં આવે છે. જયોતિ મહીલા મંડળ તેમજ વિવેક ચેરીટેબલ ટ્રસ્ટ આયોજિત આ ગરબા સ્પર્ધામાં દર વર્ષે શેરી ગરબા સ્પર્ધાના આયોજકો રાઉન્ડમાં નિકળે છે. પરંપરાગત ચપટી, તાળી અને ઠેસના ગરબા વિસરાતા જાય છે. જયારે શેરી ગરબા સ્પર્ધા અન્વયે આ સઘળી બાબતોનુ નિરિક્ષણ કરવામાં આવે છે. સેકટરોમાં દિવડાઓની હારમાળા વચ્ચે રંગોળી સુશોભનથી શણગારેલા માતાજીના ચાંચર ચોકમાં યોજાતા શેરી ગરબા સ્પર્ધા અન્વયે દર વર્ષે પ્રથમ ત્રણ ક્રમને વિજેતા જાહેર કરવામાં આવે છે. જયારે બેઠા ગરબા સ્પર્ધાના આયોજન વેળાએ આ સ્પર્ધકાને ઈનામ પણ એનાયત કરવામાં આવે છે. આ વર્ષે યોજાયેલી સ્પર્ધા અંતર્ગત વિજેતા ક્રમે સે-૭ પોલીસ ચોક, સે-૨૩ તેજસ સોસાયટી અને સે-૩ સી કલ્ચરલ સ્કવેરે સ્થાન મેળવ્યુ છે. સેકટરોમાં આયોજિત શેરી ગરબામાં વિજેતા સ્થાન પ્રાપ્ત કરનારા વિજેતાઓની સાથે સે-૩ સી કલ્ચરલ સ્કવેરમાં શેરી ગરબા સ્પર્ધા દરમિયાન નવદુર્ગાના સ્વાંગમાં સજ્જ ચાર બાળાઓ પણ આકર્ષણનુ કેન્દ્ર બની હતી. જેને પણ વિશિષ્ટ ઈનામ એનાયત કરવામાં આવ્યુ છે. શેરી ગરબા સ્પર્ધા માટે જયાતિ મહીલા મંડળના પ્રમુખ લતાબેન ચોકસી, ડો ચેતના બુચ ડો પ્રવિણ ઓઝા તેમજ મીનળબેન ઓઝાએ જહેમત ઉઠાવી હતી. શેરી ગરબા સ્પર્ધાના વિજેતાઓને આજે ઈનામ એનાયત કરવામાં આવ્યુ હતુ.



## મેરીટાઈમ બોર્ડના કર્મચારીઓના પડતર પ્રશ્નો સત્વરે ઉકેલવા માંગ

ગુજરાત મેરીટાઈમ બોર્ડના કર્મચારીઓને સાતમા પગાર પંચના ૧૯ માસના એરીયર્સની રકમ મંજૂર કરવા ગુજરાત મેરીટાઈમ બોર્ડ કર્મચારી સંઘ મહામંડળ દ્વારા પુનઃ રજૂઆત કરવામાં આવી છે. કર્મચારીઓના બાકી એરિયર્સની ચુકવણી કરવા ઉપરાંત બોર્ડમાં ૫૦ ટકા જેટલી જગ્યાઓ ખાલી હોવા છતાં વિભાગીય કક્ષાએ બઢતીની મંજૂરી આપવામાં વિલંબ, આઉટ સોર્સીંગ સ્ટાફના પાંચ માસના નોકરિયાતોને બોર્ડ દ્વારા બોનસ ચુકવવામાં આવી રહ્યું છે. પરંતુ નફો કરતા બોર્ડના નિયમિત મહેકમના કર્મયોગીઓને ૨૦૧૭-૧૮નું બોનસ ચુકવવા મંજૂરી આપવા બંદરો ઉપર દરિયામાં ફરજ બજાવતા આઉટડોર સ્ટાફને સાતમા પગાર પંચ મુજબ ચુકવવાની રજૂઆત સહિત અન્ય પડતર માંગો અંગે ઝડપથી નિર્ણય લેવા મહાસંઘ દ્વારા માંગ કરવામાં આવી છે.

# દહેગામ તાલુકાના ૩૦ ગામોમાં એકતા રથનું ભવ્યાતિભવ્ય સ્વાગત





ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લામાં એકતા રથયાત્રાનું ગામેગામ ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવી રહ્યું છે. આજ દિન સુધી એટલે કે તા. ૨૨મી ઓકટોબર સુધીમાં એકતા રથયાત્રાએ દહેગામ તાલુકાના ૩૦ ગામોમાં ફર્યો છે.

દહેગામ તાલુકાના રખિયાલ ગામ ખાતેથી તા. ૨૦મી ઓકટોબર, ૨૦૧૮ ના રોજ દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી અને લોખંડી પુરૂષ એવા સરદાર વલ્લભભાઈને ભાવાંજલિ આપવા માટેની એકતા રથયાત્રાનો આરંભ કરવામાં આવ્યો હતો. આ રથ હાલમાં દહેગામ તાલુકાના વિવિધ ગામોમાં ફરી રહ્યો છે. તા. ૨૨મી ઓકટોબર સુધીમાં આ રથ દહેગામ તાલુકાના ૩૦ ગામોની મુલાકાત લીધી છે. આજે તા. ૨૨મી ઓકટોબરના રોજ રથ દહેગામ તાલુકાના અમરાજીના મુવાડા, વાસણાસોગઠી, શિયાવાડા, અરજણજીના મુવાડા, મોતીપુરા, મહુડીયા, નજુપુરા, સાંબેલા, મોટી પોવઠી, દેવ.મુવાડા ગામમાં ફર્યો હતો. દરેક ગામમાં રથને ગ્રામજનો દ્વારા ઉત્સાહ પૂર્વક આવકારવામાં આવ્યો હતો. રથમાં મુકવામાં આવેલી ગુજરાતના સપુત અને લોંખડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ગ્રામજનો ફૂલહાર કર્યા હતા. ગ્રામજનો પણ મોટી સંખ્યામાં રથને જોવા ઉમટી રહ્યાં છે.

## ધી ગાંધીનગર અર્બન કો-ઓપ. બેન્કના હોદ્દેદારોની બિનહરીફ વરણી



ધી ગાંધીનગર અર્બન કો-ઓપ. બેન્ક લિ.ની બોર્ડ ડિરેક્ટર્સની મીટીંગ તાજેતરમાં ચંદુભાઈ એચ. પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં આગામી વર્ષ માટે બેન્કના ચેરમેન તરીકે કાલિદાસ વી. પટેલ તથા વાઈસ ચેરમેન તરીકે પ્રકાશભાઈ આર. પટેલ તથા મેનેજીંગ ડિરેક્ટર તરીકે પ્રહલાદભાઈ એસ. પટેલની બિનહરીફ વરણી કરવામાં આવી છે. નવા ચૂંટાયેલા હોદ્દેદારોને બેંકના સભ્યોએ અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી.

# પરોપકારી વિતરાગી દિંગંબર સંત સદાચારની સંસ્કૃતિના વાહક છે : આચાર્ય સુનીલ સાગરજી

ગાંધીનગર, તા. ૨૨

આચાર્ય સુનીલ સાગરજી મહારાજે આદર્શ જીવન નિર્માણનાં સંદર્ભે માતા-પિતા અને ગુરુજનોની મહિમા વર્ણવતા કહ્યું કે માતા-પિતા જીવનના આરંભિક ગુરુ છે જ્યારે દીક્ષા ગુરુ આધ્યાત્મિક પથના નાયક છે જે સદમાર્ગ પર લઇ જાય છે. પણ અત્યંત શરમની વાત છે કે થોડીક ભૌતિક સમ્પન્નતા કે પદના મદમાં આપણે એવા ગુરુઓની કાળજી લેતા ભૂલી જઇએ છે તેને બેસહારા છોડી દઇએ છે અને ધાર્મિકતાનો પાખંડ કરીએ છે. ગુરવર કહે છે જો તમે પત્થરની મૂર્તિની પૂજાનો માત્ર દશમો ભાગ જ એવા માતા-પિતા અને ગુરુજનોની સેવા સુશ્રુષામાં સમર્પિત કરી દેશો તો તમારો જીવન સાર્થક થઈ જશે.

આવી અહિંસક માનવીય સદાચારની સંસ્કૃતિના વાહક આપણા પૂર્વાચાર્ય પૂજ્ય કુન્દ કુન્દ સ્વામી, સમન્તભદ્રાચાર્ય વગેરે તો હતા જ પણ વર્તમાનમાં આચાર્ય શાંતિસાગરજી મહારાજ, આચાર્ય આદિસાગરજી અંકલીકર મહારાજ, આચાર્ય મહાવીરકીર્તિજી મહારાજ વગેરે કઠોર સાધકોએ સમાજના વિધ્ન સંતોષીઓના ઉપસર્ગો સહન કરી સદાચારી અહિંસક સંસ્કૃતિનાં પ્રતીક જૈન ધર્મને જન-જનનો ધર્મ બનાવવામાં પોતાનો જીવન સમર્પિત કરી દીધું અને વિષમતમ પરિસ્થિતિઓમાં ઉત્તમ ચરિત્રનો દામન નથી છોડયું જેના પરિણામે ઉત્તરભારતમાંથી તેમણે વાત્સલ્ય રત્નાકર આચાર્ય વિમલ સાગરજી મહારાજ તથા તપસ્વી સમ્રાટ આચાર્ય સન્મતિસાગરજી મહારાજ જેવા અનમોલ રત્નો મળ્યા. ભટ્ટાકર પરંપરાનો પણ જૈન ધર્મ પર ઓછો ઉપકાર નથી તેઓએ મુગલકાલમાં વસ્ત્રાદિ ધારણ કરીને પણ જૈન સંસ્કૃતિને સંરક્ષણ આપ્યું તેમના દ્વારા સ્થાપિત કેન્દ્રો આત્મકલ્યાણકારી સંસ્કૃતિ પ્રસારના વાહક બન્યા.

જૈન સંખ્યાબળમાં ભલે ઓછા છે પણ તેનો ગમ ના કરવો જોઇએ કેમ તે તેમના ઉત્તમ ચરિત્રનો આદર્શ બધા પર ભારી પડી જાય છે. ઇતિહાસમાં ઘણા ઉદાહરણો છે જ્યાં જૈન ભામાશાહોએ દેશહિતમાં બિના સંકોચે પોતાના ખજાના ખોલી દીધા અને તેઓ સાહસિક પણ એટલા કે આઝાદીની જંગમાં પોતાના આદર્શોનું પરચમ બતાવું હતું. જેમ થોડાક ફૂલોની ખુશ્બુ આખા વાતાવરણને સુગંધિત બનાવી દે છે તેમ ઓછા પણ સારા લોકોનાં કામોથી આખું જગત અહિંસક સંસ્કૃતિનો અનુયાયી બની જાય છે અને જરૂરતમંદો માટે સંવેદનશીલ, કરુણાવાન પણ. તેથી જૈન સમાજને દાયરામાં સુંકુચિત થવાની જગ્યા દરિયાદિલ થવાની જરૂર છે. જો જૈન નામધારીઓ કરતાં જિનધર્મમાં શ્રદ્ધા ધરાવનારાઓની સંખ્યા વધશે તો દેશમાં બૂચડખાનાની જગ્યા ગૌશાળાઓ હશે અને નિબળને કાયમ આશ્રય તથા આત્મોન્નતિનો માર્ગ મળતો રહશે. સમાજ પ્રતિસ્પર્ધા અને રાગ-દ્વેષ રૂપી વિકારોથી રહિત થશે.

## રાજ્યમાં બિલ્લી પગે શિયાળાનું આગમન

ગાંધીનગર, તા.૨૨

શહેર સહિત રાજ્યભરમાંથી ચોમાસાએ સત્તાવાર રીતે વિદાય લેતાં નાગરિકોમાં શિયાળાના આગમનની પ્રતીક્ષા હતી. અગાઉના વર્ષમાં નવરાત્રિ ઉત્સવ દરમ્યાન પણ વાતાવરણમાં ઠંડી જણાતી હતી, અલબત્ત, હવે ગ્લોબલ વોર્મિંગના કારણે ઋતુચક્રમાં અમુક અંશે ફેરફાર નોંધાયો છે, જોકે આજે સવારે અચાનક હવામાનમાં પલટો આવીને ઠંડક વર્તાઇ હતી. શહેરીજનોએ રંગેચંગે નવરાત્રીને ઊજવ્યા બાદ શિયાળાની ઠંડી લોકોમાં ચર્ચાસ્પદ બની છે. ચોમાસા નિષ્ફળ નીવડ્યું હોઇ શિયાળો કેવી જમાવટ કરશે તેની લોકમુખે ચર્ચા ચાલી રહી છે. જોકે આજે સવારથી શહેરમાં વાતાવરણ શહેરમાં લઘુત્તમ તાપમાન ૧૮.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું કે જે સામાન્ય તાપમાન કરતાં એક ડિગ્રી ઓછું હતું. આગામી દિવસોમાં લઘુતમ તાપમાનમાં ઘટાડો થઈને ૧૮ ડિગ્રી સેલ્સિયસ રહેવાની શકયતા છે. દરમ્યાન રાજ્યના પાટનગર ગાંધીનગરમાં આજે ૧૬.૫ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાતાં તે રાજ્યનું સૌથી વધુ ઠંડુંગાર શહેર બન્યું હતું. જ્યારે નલિયામાં ૧૭.૮, વડોદરામાં ૨૦.૦, સુરતમાં ૨૨.૪ અને રાજકોટમાં ૨૦.૮ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું. અમદાવાદ સહિત રાજયભરમાં હવામાનમાં પલટા અને વાતાવરણમાં નોંધાયેલા ફેરફારને લઈ મોડી રાતે અને પરોઢે ફુલગુલાબી ઠંડીનો અહેસાસ થતાં નાગરિકોને શિયાળાની ઠંડીના અણસાર મળતા હતા.

## આજે જીએનએલયુ ખાતે રાજય સ્તરીય મહિલા ખેડૂત સંમેલન

ગાંધીનગરમાં ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ખાતે તા. ૨૩મી ઓકટોબર મંગળવારે સવારે ૧૦ કલાકે રાજયકક્ષાનું મહિલા ખેડૂતોનું સંમેલન યોજાશે. વર્કિંગ ગૃપ ફોર વિમેન એન્ડ લેન્ડ ઓનરશીપના નેજા હેઠળ યોજાનાર આ મહિલા ખેડૂત સંમેલનમાં રાજયના ૧૫ જિલ્લાના ૧૮ તાલુકાના ૨૫૦ મહિલા ખેડૂતો સહભાગી થશે.

'અમે પણ ખેડૂત છીએ' શિર્ષકથી યોજાનાર મહિલા-ખેડૂત રાજય સ્તરીય સંમેલનમાં મહિલાઓનું ખેતીમાં યોગદાન, અનિયમિત ચોમાસુ અને સજીવ ખેતી, મહિલા ખેડૂતોના અનુભવો, જંગલ-જમીન અધિકાર વગેરે બાબતોને આવરી લેવાશે. ગુજરાતમાં ૫૩ હજાર જેટલા મહિલા-ખેડૂતો સાથે જોડાયેલ નેટવર્ક મહિલા જમીન માલિકી જૂથ દ્વારા ૭૬૦૦ જેટલા મહિલા ખેડૂતોના હક્ક માટે તેમજ ૭ હજાર મહિલા ખેડૂતોને કૃષિલક્ષી સરકારી યોજના સાથે જોડવા તેમજ ૧૩ હજાર મહિલા ખેડૂતોને ઈ-ખેડૂત પોર્ટલમાં નોંધણી કરાવવામાં સક્રિય ભૂમિકા ભજવી છે.

## આવતીકાલે ગાંધીનગર ખાતે અલ્પસંખ્યક નાણાં નિગમ દ્વારા ચેક વિતરણ

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ દ્વારા અલ્પસંખ્યક અને દિવ્યાંગ લોકોના સર્વાંગી વિકાસ માટે જરૂરિયાત મંદોને ધંધા-રોજગાર માટે ચેક વિતરણ કરવામાં આવશે.

૨૪મી સપ્ટેમ્બરને બુધવારના રોજ બપોરના ૩.૦૦ કલાકે ટાઉન હૉલ, ગાંધીનગર ખાતે યોજાનાર સમારોહમાં સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમાર અને સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ કલ્યાણ રાજ્ય મંત્રી શ્રી વાસણભાઈ આહિરના હસ્તે આ ચેક એનાયત કરાશે. રાષ્ટ્રીય અલ્પસંખ્યક વિકાસ અને નાણાં નિગમ, દિલ્હીના સી.એમ.ડી. શ્રી મો. શાહબાઝઅલી, રાષ્ટ્રીય વિકલાંગ નાણાં અને વિકાસ નિગમ, દિલ્હીના સી.એમ.ડી. શ્રી ડી.આર. શરીન પણ ઉપસ્થિત રહેશે.

## ગુજરાત હાઈકોર્ટમાં મુખ્ય ન્યાયમૂર્તિશ્રીએ ચાર ન્યાયાધિશશ્રીઓને ન્યાયાધિશ તરીકેના શપથ લેવડાવ્યા

અમદાવાદ, તા.૨૨

આજે ગુજરાત વડી અદાલત ખાતે હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી આર.સુભાષ રેડ્ડીએ વડી અદાલતના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂંક પામેલા ચાર ન્યાયમૂર્તિશ્રીઓને હોદ્દાના શપથ લેવડાવ્યા હતા. કાયદા મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને કાયદા રાજ્યમંત્રી શ્રી પ્રદિપસિંહ



જાડેજાની ઉપસ્થિતિમાં જસ્ટીસ શ્રી ઉમેશ અમૃતલાલ ત્રિવેદી, જસ્ટીસ શ્રી અજયકુમાર ચંદુલાલ રાવ, જસ્ટીસ શ્રી વીરેશકુમાર બાવચંદભાઈ માયાની, અને જસ્ટીસ ડૉ. આશુતોષ પુષ્કરરાય ઠાકરે ન્યાયમૂર્તિ તરીકેના શપથ લીધા હતા.

આ પ્રસંગે, ગુજરાત હાઈકોર્ટ એસોસીએશનના હોદ્દેદારો ઉપરાંત હાઈકોર્ટના અધિકારીઓ તથા ન્યાયમૂર્તિશ્રીઓના પરિવારજનો વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

# સમાજના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ ખૂબજ જરૂરી : ઈશ્વરભાઈ પરમાર

**ગોપાલક વિકાસ નિગમ દ્વારા ઉચ્ચ શિક્ષણ-વ્યવસાય માટે ૬૨૧ લાભાર્થીઓને રૂ.૭.૫૨ કરોડના ધિરાણના ચેક અપાયા**






ગાંધીનગર, તા.૨૨

દરેક સમાજના સર્વાંગિણ વિકાસ માટે શિક્ષણ ખૂબજ જરૂરી છે. વ્યવસાયની સાથે સાથે તમામે શિક્ષિત બનવું જોઇએ. શિક્ષણ એ તમામ સમસ્યાઓનો હકારાત્મક સમાધાન-ઉકેલ છે, તેમ ગાંધીનગર ખાતે ગુજરાત ગોપાલક વિકાસ નિગમના ઉપક્રમે યોજાયેલ ઉચ્ચ શિક્ષણ અને વ્યવસાય માટે ધિરાણ સહાય ચેક વિતરણ સમારોહ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારે જણાવ્યું હતું.

ગોપાલક સમાજના ૬૨૧ લાભાર્થીઓને રૂ.૭.૫૨ કરોડના ધિરાણ સહાય ચેક વિતરણ કરતાં મંત્રીશ્રી પરમારે કહ્યું હતું કે, સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલની સરકારે દરેક સમાજના લોકોની ચિંતા કરી છે. રાજ્યમાં ૪૫ લાખથી વધુની વસતી ધરાવતો ગોપાલક સમાજ શૈક્ષણિક, સામાજિક અને આર્થિક ક્ષેત્રે વધુ વિકસીત બને તે માટે તમામ સહાય આપવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. ગોપાલક સમાજે લોન-સહાયની રકમ સમયમર્યાદામાં પરત કરીને સામાજિક જવાબદારી નિભાવી છે જે ખરેખર પ્રશંસનીય છે. કોઇ પણ સમાજમાં શિક્ષણનું સ્તર ઊંચુ આવે તો ગરીબી નાબૂદ થાય. રાજ્ય સરકારે અત્યાર સુધીમાં ગોપાલક સમાજના ૨૯ તબીબી અને ૨૭ ઇજનેરે વિદ્યાર્થીઓને લોન સહાય આપી છે તેમ જણાવી મંત્રીશ્રીએ તમામ લાભાર્થીઓને નવીન વ્યવસાય માટે શુભેચ્છાઓ આપી હતી.

ગુજરાત ઘેટા અને ઊન વિકાસ નિગમ લિમિટેડના અધ્યક્ષ શ્રી ભવાનભાઈ ભરવાડે કહ્યું હતું કે, સરકારે આપેલી સહાયનો સમાજના યુવાનોએ આર્થિક ઉપાર્જન માટે યોગ્ય ઉપયોગ કર્યો છે. સમાજના જરૂરિયાતમંદ માટે વર્તમાન સરકારે ખૂબ નવી યોજનાઓ અમલી બનાવી છે. જેના પરિણામે આજે યુવાનો આર્થિક પગભર અને તેમના પરિવારો શિક્ષિત બન્યા છે.

ટાઉન હોલ ખાતે આયોજિત ધિરાણ સહાય કાર્યક્રમમાં ૬૧૨ લાભાર્થીઓને પશુપાલન યોજના હેઠળ ગાય-ભેંસ ખરીદવા ૫ વિદ્યાર્થીઓને શિક્ષણ યોજના હેઠળ તેમજ નાના ધંધા, સ્વર્ણિમ યોજના, સ્વયં સક્ષમ યોજના અને ગોપાલક સ્વાવલંબન યોજના હેઠળ ૧-૧ એમ કુલ ૬૨૧ લાભાર્થીઓને રૂ.૭.૫૨ કરોડના ધિરાણના ચેક વિતરણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અધિક સચિવ શ્રી કે.જી.વણઝારાએ સ્વાગત પ્રવચન અને ગુજરાત ગોપાલક વિકાસ નિગમના મેનેજિંગ ડિરેક્ટર શ્રી જી.સી.અલગોતરે આભારવિધિ કરી હતી.

ચેક વિતરણ સમારોહમાં ગોપાલક વિકાસ નિગમ લિમિટેડના પૂર્વ અધ્યક્ષશ્રી, ઉપાધ્યક્ષશ્રીઓ, પૂર્વ ડિરેક્ટરશ્રીઓ, ગોપાલક સમાજના આગેવાનો સહિત લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## બિહારના મુખ્યમંત્રી નિતીશકુમારને 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ની મુલાકાતનું નિમંત્રણ

ગાંધીનગર, તા.૨૨

ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે સોમવારે ૨૨ ઓકટોબરે બિહારના મુખ્યમંત્રી શ્રી નિતીશકુમારની મુલાકાત કરી તેમને ગુજરાતમાં નિર્માણ થયેલી સરદાર સાહેબની વિરાટ પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' નિહાળવા આવવા નિમંત્રણ પાઠવ્યું હતું.

ઊર્જા મંત્રીશ્રીએ બિહારના મુખ્યમંત્રીશ્રીને સ્ટેચ્યુ ઓફ યુનિટીની તસ્વીરી પ્રતિકૃતિ અને કોફી ટેબલ બુક આ નિમંત્રણ પાઠવવા સાથે અર્પણ કરી હતી. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આગામી ૩૧ ઓકટોબર-૨૦૧૮, સરદાર સાહેબની જન્મ જયંતિએ રાષ્ટ્રને અર્પણ થનારી વિશ્વની




સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ની મુલાકાત માટે વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ, રાજ્યપાલશ્રીઓ અને મહાનુભાવોને નિમંત્રણ આપવા રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ પદાધિકારીઓ સંબંધિત રાજ્યોની પ્રવાસ-મુલાકાત કરે છે. તદઅનુસાર, ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ બિહારના પ્રવાસે છે, તેમની સાથે સાંસદ પૂનમબહેન માડમ, ધારાસભ્યો શ્રી હર્ષ સંઘવી, પિયુષભાઈ દેસાઈ, કિશોરસિંહ ચૌહાણ અને અરવિંદ પટેલ તથા ઉચ્ચ અધિકારીઓ પણ આ મુલાકાતમાં જોડાયા છે.

શ્રી સૌરભભાઈ પટેલે બિહારના રાજ્યપાલ શ્રી લાલજી ટંડન તેમજ ઉપમુખ્યમંત્રી શ્રી સુશીલકુમાર મોદીની પણ મુલાકાત કરી તેમને પણ નિમંત્રણ પાઠવ્યું હતું. ઊર્જા મંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ બિહાર પ્રવાસે ગયેલા આ પ્રતિનિધિમંડળે બિહારમાં વસતા ગુજરાતી સમાજના પરિવારો સાથે પણ બેઠક યોજી તેમને સરદાર સાહેબની વિશ્વની સૌથી ૧૮૨ મીટર ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનો સરદાર જયંતિએ લોકાર્પણ ઐતિહાસિક દિવસ બની રહેશે તેની પણ ભુમિકા આપી હતી અને આ પ્રતિમા નિહાળવા આવવાનું આમંત્રણ આપ્યું હતું.